# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/07/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **આજે લોકસભામાં જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારા વિધેયક 2026 રજૂ થશે.**
2. **રાજ્યના બે મંત્રીઓએ અમદાવાદના સાણંદ અને બાવળામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઇ સ્થિતિની સમીક્ષા કરી.**
3. **વરસાદગ્રસ્ત વલસાડમાં રોકડ સહાયની ચૂકવણી અને સર્વની કામગીરી હાથ ધરાઇ.**
4. **ભારે વરસાદ બાદ હવે રાજ્યભરમાં ડાંગરની વાવણીનો આરંભ.**
5. **ભારતે હરારેમાં ત્રીજી અને અંતિમ ટી20 મેચમાં ઝિમ્બાબ્વેને 35 રનથી હરાવીને શ્રેણી 3-0થી જીતી લીધી.**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PARLIAMENT-BILL

સરકાર આજે લોકસભામાં જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારા વિધેયક 2026 રજૂ કરશે. આ વિધેયક જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) અધિનિયમ 2024માં સુધારો કરવાનો પ્રયાસ છે. વિધેયક કેન્દ્રીયમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ ગૃહમાં રજૂ કરશે. કેન્દ્રીય મંત્રીમંડળે ગત શુક્રવારે મુસદ્દા વિધેયકને મંજૂરી આપી, જેમાં ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના અને પરીક્ષાઓમાં પેપર લીક અને અન્યાયી માધ્યમોના ઉપયોગના કેસોમાં સખત સજાની જોગવાઈ છે.

# RAIN REVIEW – DIST

રાજ્યમાં ભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિની મંત્રીઓ અને અધિકારીઓ દ્વારા સમીક્ષા કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહીડાએ અમદાવાદના સાણંદ અને બાવળામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિવિધ વિસ્તારોમાં સ્થિતિની સમીક્ષા કરી. મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓએ ટ્રેક્ટરમાં બેસીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચીને પરિસ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

બંને મંત્રીઓએ સ્થાનિક પ્રતિનિધિઓ અને નાગરિકો સાથે સંવાદ સાધી પાણીના ત્વરિત નિકાલ અને રાહત કામગીરી હાથ ધરવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. તો ભાવનગર જિલ્લામાં વરસાદને કારણે અસરગ્રસ્ત બનેલા માર્ગોને વાહનવ્યવહાર માટે ફરી શરૂ કરવા માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક રસ્તાઓની મરામતની કામગીરી હાથ ધરાઇ છે.

ગાંધીનગર ઝોનની નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશ્નર બી. એમ. પટેલે પાટણના રાધનપુરની મુલાકાત લઈ ભારે વરસાદ બાદ સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરી જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા અધિકારીને સૂચના આપી હતી.

## RAIN

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં **137** તાલુકામાં વરસાદ વરસ્યો. સૌથી વધુ અમદાવાદના બાવળામાં 1 ઇંચથી વધુ વરસાદ નોંધાયો. અમદાવાદમાં વહેલી સવારથી વરસાદ પડી રહ્યો છે. આ સાથે રાજ્યના કેટલાક સ્થળોએ પણ સામાન્ય વરસાદ થયો હોવાના અહેવાલ છે. તો મહેસાણાના ધરોઈ ડેમમાં ઉપરવાસમાંથી સતત પાણીની આવક થતાં ડેમનો જળસંગ્રહ વધીને **46.45** ટકા થયો છે.

## WEATHER

આજે ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. આગામી બે દિવસ માટે ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં લો પ્રેશર સિસ્ટમ બનતા ગુજરાતમાં વરસાદી માહોલ સર્જાયો હતો. જો કે, હવે આગામી અઠવાડિયામાં વધુ એક સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે.

**BYTE- ABHIMANYU CHAUHAN, IMD**

# VALSAD SAHAY

વલસાડ જિલ્લામાં ભારે વરસાદથી થયેલા નુકસાન બાદ વહીવટી તંત્ર દ્વારા રાહત અને સહાયની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. 150થી વધુ સર્વે ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં ઘરેઘરે જઇને સર્વે કરવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં પાંચ હજાર 383 વ્યક્તિઓને 21 લાખ 81 હજારની કેશડોલ્સ સહાય ચૂકવી દેવામાં આવી છે.

જિલ્લામાં પુરગ્રસ્ત પરિવારોને એક કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. તો ચાર મૃતકોના પરિવારજનોને 16 લાખની સહાયની ચુક્વવામાં આવી, જ્યારે બાકીના આઠ મૃતકોના પરિવારોને સહાય ચુક્વવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

# VAVANI

રાજ્યમાં ચોમાસાનો 52 ટકા કરતાં વધુ વરસાદ વરસી ચૂક્યો છે. હાલમાં પણ અવિરત વરસાદ વરસી રહ્યો છે. ખેતરો વરસાદી પાણીથી તરબોળ થઇ ગયા છે, ત્યારે હવે રાજ્યના ખેડૂતો દ્વારા વાવણી શરૂ કરી દેવાઇ છે. જ્યાં વરસાદ થંભી ગયો છે ત્યાં ધરતીપુત્રો દ્વારા ડાંગરની વાવણી શરૂ થઇ ગઇ છે. આ વખતે પડેલા ભારેના પગલે ખેડૂતોમાં વાવણીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# DIU NIKITA SOLANKI PM

વિકસિત વાઈબ્રેટ વિલેઝ કાર્યક્રમ અંતર્ગત દીવના વણાંકબારાની નિકિતા સોલંકીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી.

દીવના સેવા ભવન ખાતે માય ભારતના સ્વંયસેવકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમમા ભાગ લીધો હતો. જેમાં વણાંકબારાની નિકિતા સોલંકીએ તેના અનુભવો તથા ભારતના વિકાસમાં તેમની ભૂમિકા અંગે વાતચિત કરી હતી.

**BYTE: NIKITA SOLANKI**

કાર્યક્રમના અંતે કલેક્ટર રાહુલ દેવ બુરાએ યુવાનો સાથે સંવાદ કરી તેમને પોતાના સપનાઓ સાકાર કરવા, દેશના વિકાસમાં સક્રિય યોગદાન આપવા અને સમાજ પ્રત્યે જવાબદારી નિભાવવાની પ્રેરણા આપી. તેમણે યુવાનોને આત્મવિશ્વાસ સાથે આગળ વધીને "વિકસિત ભારત"ના નિર્માણમાં સહભાગી બનવા આહ્વાન કર્યું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## MASTER IN ENGINEERING ALLOT MENT

વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની પ્રવેશ સમિતિએ સરકારી અનુદાનિત, ખાનગી ઇજનેરી કોલેજોની કુલ ચાર હજાર 312 બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયા પ્રથમ રાઉન્ડમાં એક હજાર 317 વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો છે.

આ પ્રવેશ ફાળવણીમાં સરકારી કોલેજોમાં 749 માંથી 494, અનુદાનિત કોલેજોમાં 429 બેઠકોમાંથી 200, તેમજ ખાનગી કોલેજોની કુલ 2 હજાર 888 બેઠકો સામે 620 જેટલી બેઠકો પર ફાળવણી કરાઇ છે. પ્રથમ રાઉન્ડ માટે એક હજાર 935 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી એક હજાર 688 વિદ્યાર્થીઓનો મેરિટમાં સમાવેશ કરાયો છે.

## CBSE EXAM

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની ધોરણ-12ની લેખિત પૂરક પરીક્ષા આવતીકાલના રોજ લેવાશે. આ પરીક્ષા દરમિયાન 29મી જુલાઇથી ચાર ઓગષ્ટ દરમિયાન પ્રાયોગિક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

## AHMEDABAD POLICE NUMBER PLATE

અમદાવાદમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને રસ્તાઓ પર ભરાયેલા પાણીના કારણે અનેક વાહનોની નંબર પ્લેટો વાહનોમાંથી નિકળીને માર્ગો ઉપર પડી ગઇ હતી. નાગરિકોની આ સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ ટ્રાફિક પોલીસે એક વિશેષ માર્ગદર્શિકા જારી કરી છે.

ટ્રાફિક વિભાગની સૂચના અનુસાર જો વર્ષાઋતુમાં વાહનની નંબર પ્લેટ ગુમ થઈ જાય, તો માલિકે તુરંત જ પાસેના ટ્રાફિક પોલીસ મથકનો સંપર્ક સાધવો અનિવાર્ય છે.

## AMC FOGING

ચોમાસાની ઋતુ દરમિયાન ડેંગ્યૂ, મલેરિયા અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગો પર નિયંત્રણ મેળવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ મેલેરિયા વિભાગ દ્વારા રોજ વિવિધ વિસ્તારોમાં સઘન ફોગિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. રોગચાળો અટકાવવા માટેના નિવારક પગલાંના ભાગરૂપે અલગ અલગ વોર્ડમાં હેલ્થ વિભાગની ટીમે ઘરેઘરે પહોંચી ફોગિંગ કર્યું હતું, જેથી મચ્છરોની પેદાશ પર અસરકારક નિયંત્રણ મેળવી શકાય.

વિવિધ વિસ્તારોના ખુલ્લા પ્લોટો અને આસપાસના વિસ્તારોમાં પણ ફોગિંગ કામગીરી કરવામાં આવી હતી.

## ARVALLI BORDER CHOKI

અરવલ્લીના મોડાસામાં જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના હસ્તે જિલ્લા સરહદ પર રાજેન્દ્રનગર પોલીસ ચોકીનું ઉદ્ઘાટન કરાયું. જિલ્લાના પ્રવેશદ્વાર સમાન આ ચોકી કાર્યરત થતાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની સાથે ગુનાખોરી પર પણ વધુ અસરકારક નિયંત્રણ રાખી શકાશે તેમ એસપી મનોહરસિંહ જાડેજાએ જણાવ્યુ હતું.

**BYTE - MANOHARSINH JADEJA, SP ARVALLI**

# NARMDA BUS

નર્મદા જિલ્લામાં પરિવહન વધુ સુગમ બને તે માટે 11 બસ ફાળવાઈ છે. પાંચ બસોનું લોકાર્પણ સાંસદ મનસુખ વસાવા તેમજ ધારાસભ્ય દર્શનાબેન દેશમુખના હસ્તે કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ પ્રસંગે બોલતા નાંદોદના ધારાસભ્ય દર્શના દેશમુખે કહ્યું હતું કે, આ બસોને કારણે લોકોની સાથેસાથે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અવરજવરમાં સરળતા રહેશે.

## BYTE - DARSHANA DESHMUKH, MLA

# CRICKET

ક્રિકેટમાં, ભારતે હરારેમાં ત્રીજી અને અંતિમ ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન ઝિમ્બાબ્વેને 35 રનથી હરાવીને શ્રેણી 3-0થી જીતી.

પ્રથમ બેટિંગ કરતા, ભારતે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવી 192 રન બનાવ્યા. જેમાં વૈભવ સૂર્યવંશીએ માત્ર 49 બોલમાં 81 રન, જ્યારે ઇશાન કિશને 26 બોલમાં 29 રન બનાવ્યા. ભારતના 193 રનના લક્ષ્યનો પીછો કરતા ઝિમ્બાબ્વે નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવી 157 રન બનાવી શક્યું. ભારત તરફથી મયંક યાદવે ત્રણ અને યશ ઠાકુરે બે વિકેટ ઝડપી હતી.

દરમિયાન, ભારતે હરારેમાં ઝિમ્બાબ્વે સામે ત્રણ મેચની શ્રેણી જીતી ICC મેન્સ T20I રેન્કિંગમાં ફરી નંબર 1 સ્થાન મેળવ્યું.

# FOOTBALL

**ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત 35મી બલરામ ક્ષત્રીય મેમોરિયલ ટ્રોફી – 2026 ગાંધીનગરમાં રમાય રહેલ છે. આણંદ, અમદાવાદ, વડોદરા અને ગાંધીનગરની ટીમોનો જૂનિયર બોયઝ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટની સેમી ફાઇનલમાં પ્રવેશ થયો છે.**

**આજે પ્રથમ સેમી ફાઇનલ મેચ આણંદ અને અમદાવાદ, જ્યારે બીજી સેમી ફાઇનલ મેચ વડોદરા ગાંધીનગર વચ્ચે રમાશે.**